# ટોરેન્ટ પાવર લીમીટેડ

## ગુજરાત વીજનીયમન પંચ સમક્ષ

**છઠો માળ, ગીફ્ટ વન, રોડ ૫ સી, ઝોન ૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર - ૩૮૨ ૩૫૫**

## જાહેર નોટીસ

૧ ટોરેન્ટ પાવર લીમીટેડ (હવે પછી તેનો ઉલ્લેખ ''ટીપીએલ-ડી'' તરીકે કરાયો છે.) દ્વારા કેસ નંબર ૨૧૮૦/૨૦૨૩ હેઠળ સુરત સપ્લાય વિસ્તાર માટે (૧) નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના ટ્રુઇંગ અપ (૨) નાંણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના એઆરઆર નિર્ધારણ અને (૩) નાંણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટેના વીજ દર નિર્ધારણ માટેની અરજી દાખલ કરી છે.

૨ જીઇઆરસી (એમવાયટી) રેગ્યુલેશન, ૨૦૧૬ અનુસાર નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે ટ્રુઇંગ અપ વાસ્તવિક આંકડાઓ મુજબ સૂચિત કરવામાં આવેલ છે.

૩ સુરત સપ્લાય વિસ્તાર માટે નાંણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ની મહેસુલી ખાધ/ (પુરાંત)ની ગણતરી જીઇઆરસી (એમવાયટી) રેગ્યુલેશન, ૨૦૧૬ અનુસાર નાંણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે રજુ કરેલ એઆરઆરના અંદાજો અને અંદાજીત વીજ ખરીદી ખર્ચના આધારે તારવવામાં આવેલ સુધારેલા બેઝ એફ્પીપીપીએ સહિત હાલના વીજદરે નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજીત વીજ વેચાણ ઉપર તારવેલ આવક અનુસાર કરવામાં આવી છે.

૪ ટીપીએલ-ડીએ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટેની સંચિત ખાધ/(પુરાંત)ને, જો કોઈ હોય તો, નાણાંકિય વર્ષ ૨૦૨૩-૨૪ના ટ્રુઇંગ અપ દરમ્યાન ગણતરીમાં લેવા પ્રસ્તાવિત કરેલ છે.

૫ એફ્પીપીપીએ ચાર્જ માનનીય કમીશનની મંજુરી અનુસાર વસૂલવામાં આવશે.

૬ ટીપીએલ-ડીએ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂ. ૧.૫૦ પ્રતિ યુનીટના વધારાના વીજદરે વૈકલ્પિક "ગ્રીન ટેરિફ" રજુ કરવાનો પણ પ્રસ્તાવ કરેલ છે.

૭ ટીપીએલ-ડીએ સુધારેલા વીજદરોનો અમલ તા. ૧લી એપ્રિલ, ૨૦૨૩થી કરવા પ્રસ્તાવિત કરેલ છે.

૮ ઓપન એક્સેસ ચાર્જીસઃ ટીપીએલ-ડીએ ઓપન એક્સેસ ગ્રાહકોને લાગુ પડતા વ્હીલિંગ ચાર્જીસ અને ક્રોસ સબસીડી સરચાર્જ નિર્ધારણ કરવા પ્રસ્તાવિત કરેલ છે.

**અરજીની નકલ પ્રાપ્ત કરવા માટેની જોગવાઇઃ**

૯ નિરીક્ષણ માટે અરજીની નકલો જીએમ (સીએસ), ટોરેન્ટ પાવર લીમીટેડ, ટોરેન્ટ હાઉસ, સ્ટેશન રોડ, સુરત ૩૯૫૦૦૩ ની ઓફિસ ખાતે ઉપલબ્ધ છે. વધુમાં, અરજીની નકલ રૂ. ૧૬૦/- રોકડેથી અથવા તો ટોરેન્ટ પાવર લીમીટેડની તરફેણના અને સુરત ખાતે ચૂકવી શકાય તેવા ડીમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર દ્વારા ઉપરોક્ત સરનામેથી ખરીદી શકાશે. અરજીની નકલ ટપાલથી પ્રાપ્ત કરવા માટે, ટપાલ ખર્ચના રૂ. ૫૦/- (રૂપીયા પચાસ) વધુ ચુકવવાના રહેશે.

૧૦ ઉપરોક્ત અરજીની ઇલેક્ટ્રોનીક નકલ વેબસાઇટ www.torrentpower.com ના રેગ્યુલેટરી સેક્શન પરથી પણ મળી શકશે.

**પ્રતિભાવ રજુ કરવા માટેની માર્ગદર્શિકાઃ**

૧૧ આથી લાગુ પડતા નિયમો અનુસાર, જાહેર સૂચના આપવામાં આવે છે કે ઉપરોક્ત અરજી સામે જે કોઇપણ વ્યક્તિને પોતાના વાંધા/સૂચનો રજુ કરવામાં રસ હોય તેઓએ પોતે જેનો આધાર લેતા હોય તે દસ્તાવેજો સાથેની પોતાની અરજી, પાંચ સેટમાં, તેમજ તેના ટેકામાં આવશ્યક એફિડેવીટ સાથે સેક્રેટરી, ગુજરાત વીજનીયમન પંચ, છઠો માળ, ગીફ્ટ વન, રોડ ૫ સી, ઝોન ૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર ૩૮૨ ૩૫૫ ને તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૩ ના રોજ કે તે પહેલા મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે અને તેની એક નકલ નીચે સહી કરનારને પણ મોકલવાની રહેશે.

**ટોરેન્ટ પાવર લીમીટેડ**
''સમન્વય'', ૬૦૦, તપોવન,
આંબાવાડી, અમદાવાદ ૩૮૦ ૦૧૫
CIN : L31200GJ2004PLC044068
તા. : ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૩

**ટોરેન્ટ પાવર લીમીટેડ**
સહી/-
**વાઇસ પ્રેસીડન્ટ (કોર્પોરેટ અફેર્સ)**